પોસ્ટ મેટ્રિક અભ્યાસક્રમોમાં અભ્યાસ કરી રહેલા અનુસૂચિત જાતિના વિધાર્થીઓની શાળા- કોલેજથી દરખાસ્ત મેળવી શિષ્યવૃતિ મંજુર કરવા અને ચૂકવણા સુધીની તમામ પ્રક્રિયા ઓનલાઇન ''ઇ-પોર્ટલ'' કરવા માટેની યોજના ની વહિવટી મંજૂરી બાબત

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ એસસીડબલ્યુ -૧૦-૨૦૧૫-૧૨૫૧૮૦-ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૦૮/૦૪/૨૦૧૫.

વંચાણે લીધા:-
(૧) નિયામકશ્રી (અજાક) ની કચેરીનો તા.૧૨/૦૨/૨૦૧૫ નો પત્ર નં:-અજાક/ગ-૧/૧/૨૦૧૪-૧૫/૭૪૪- ૭૪૫.

**ઠરાવ :-**

પોસ્ટ મેટ્રિક અભ્યાસક્રમોમાં અભ્યાસ કરી રહેલા અનુસૂચિત જાતિના વિધાર્થીઓની શાળા- કોલેજથી દરખાસ્ત મેળવી શિષ્યવૃતિ મંજુર કરવા અને ચૂકવણા સુધીની તમામ પ્રક્રિયા ઓનલાઇન ''ઇ-પોર્ટલ'' કરવા માટેની યોજના ની વહિવટી મંજૂરી માટે ઉપર વંચાણે લીધેલ ક્રમાંક (૧) ના નિયામકશ્રી (અજાક) ના પત્રથી વર્ષ-૨૦૧૫-૧૬ માટે રૂ. ૪૫.૦૦ લાખની નવી બાબતનો સને ૨૦૧૫-૧૬ ના અંદાજપત્રમાં સમાવેશ કરવા દરખાસ્ત કરવામાં આવેલ. જેની વહીવટી મંજૂરીની બાબત વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાના અંતે અનુસૂચિત જાતિ માટે વર્ષ ૨૦૧૫-૧૬ માં રૂ. ૪૫.૦૦ લાખની નવી બાબતનો નીચેની શરોતોને આધીન સને ૨૦૧૫-૧૬ના અંદાજપત્રમાં સમાવેશ કરવાની બાબતને વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

**શરતો:-**

(૧) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઈ અને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા જરૂરીયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(3) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો વખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજુરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૫) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) આ મંજુરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતીની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) આઇ.ટી. સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતો-વખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારનો ઉદ્યોગ અને ખાણ વિભાગના તા. ૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંકઃ એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઈ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

આ અંગેનો ખર્ચ મુખ્ય સદર : ૨૨૨૫- અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ , પેટા મુખ્યસદર:૦૧ અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદરઃ ૨૭૭-શિક્ષણ, પેટાસદર- બીસીકે-૬.૧ પોસ્ટ મેટ્રિક અભ્યાસક્રમોમાં અભ્યાસ કરી રહેલા અનુસૂચિત જાતિના વિધાર્થીઓની શાળા- કોલેજથી દરખાસ્ત મેળવી શિષ્યવૃતિ મંજુર કરવા અને ચૂકવણા સુધીની તમામ પ્રક્રિયા ઓનલાઇન ''ઇ-પોર્ટલ'' કરવા માટેની યોજના ની વહિવટી મંજૂરી બાબત તેમજ ઉધારવાનું રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની નાણાં વિભાગની તા.૩૧/૦૩/૨૦૧૫ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત ના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પી.સી. શાહ)
સેક્શન અધિકારી,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

માનનીય મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ-૧, સચિવાલય,ગાંધીનગર.
માનનીય મંત્રીશ્રી,(સા.ન્યા) અંગત સચિવશ્રી, સ્વર્ણિમ-૧, સચિવાલય,ગાંધીનગર.
માનનીય રા.ક. મંત્રીશ્રી, (સા.શૈ.પ.વ) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ-૨, સચિવાલય,ગાંધીનગર.
અગ્રસચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
નાણા સલાહકારશ્રી, (સા.ન્યા), સચિવાલય,ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ, રાજકોટ.
નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી, (નિયામકશ્રી અજાક મારકત).
સર્વે જિ.પ.વર્ગક.અધિકારીશ્રી, (નિયામકશ્રી અજાક મારકત).
સર્વે જિ.સમાજકલ્યાણા અધિકારીશ્રી, (પંચાયત) નિયામકશ્રી અજાક મારકત).
બજેટ શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
કમ્પ્યુટર સેલ શાખા, વિભાગની વેબસાઈટ પર મુકવા વિનંતિ સહ
પસંદગીની ફાઈલ.